પાક વિશે સલાહ | વાવણીથી લઈને લણણી સુધીનું ભાસ્કર ગાઇડ | ઘઉં, વરિયાળી, ધાણા, ડુંગળી અને ઓછા પાણીવાળા વિસ્તારમાં ચણા, રાયડો, સરસવ વગેરે કરી શકાય

રવિ પાકની પસંદગી માત્ર બજારભાવ કે પરંપરાથી નહીં, સિંચાઇના પાણી અને જમીનની ગુણવત્તા અને હવામાનને ધ્યાનમાં રાખી કરો

ભાસ્કર એક્સપર્ટ

ડૉ. આર.એમ. જાડેજા
સહ સંશોધન વૈજ્ઞાનિક,
વિભાગીય સંશોધન કેન્દ્ર,
સરદારકૃષિનગર દાંતીવાડા
કૃષિ યુનિવર્સિટી, ભચાઉ

ચિન્તેષ વ્યાસ | ભાસ્કર નેટવર્ક

ગુજરાતમાં રવિ પાકની પસંદગી માત્ર પરંપરા કે બજારભાવને આધારે નહીં, પરંતુ પાણીની ઉપલબ્ધતા, જમીનની ભેજ, જમીન અને સિંચાઈના પાણીની ગુણવત્તા તથા હવામાનને આધારે કરવી જોઈએ.

ખાસ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ઓછા પાણીની જરૂરિયાત ધરાવતા પાકો અને કાર્યક્ષમ સિંચાઈથી ઉત્પાદન તથા આવક સ્થિર રાખી શકાય છે. પાક પસંદગીમાં જળસંગ્રહ, ભૂગર્ભજળની ગુણવત્તા, સિંચાઈનો ખર્ચ અને નફાકારકતા ધ્યાનમાં લેવી. ખાતરીપૂર્વક પિયત હોય ત્યાં ઘઉં, વરિયાળી, ધાણા અને બટાટા, મર્યાદિત પાણીમાં ચણા, રાયડો, રાજગરો અને ઈસબગુલના વિકલ્પો પસંદ કરી શકાય છે.

રાજ્યમાં ચણા અને કઠોળનું વાવેતર સામાન્ય વિસ્તારથી આગળ

રવિ ઋતુ 2025-26ના 2 ફેબ્રુઆરી, 2026ના અહેવાલ મુજબ, ગુજરાતમાં ચણાનું વાવેતર સામાન્ય વિસ્તારના 122.83%, કુલ કઠોળનું 121.42% અને ઘઉં સહિતના ધાન્ય પાકોનું 114.29% થયું હતું. રાઈ-સરસવનું વાવેતર સામાન્ય વિસ્તારની નજીક, જ્યારે શેરડી, વરિયાળી અને શાકભાજીનું વાવેતર સામાન્ય કરતાં ઓછું રહ્યું હતું.

રાજ્યમાં જળસંગ્રહ સારો, પરંતુ કચ્છમાં સ્થિતિ પડકારજનક

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના 12 ઓક્ટોબર, 2026ના અહેવાલ મુજબ, ગુજરાતમાં ગ્રોસ જળસંગ્રહ 80.70% અને જીવંત જળસંગ્રહ 76.23% હતો. કચ્છમાં આ આંકડા અનુક્રમે 32.02% અને 26.25% હતા. તેથી કચ્છ અને ઉત્તર ગુજરાતમાં જળાશયો ઉપરાંત કેનાલ, ભૂગર્ભજળ, TDS, ક્ષારતા અને સિંચાઈ ખર્ચને ધ્યાનમાં લેવો જરૂરી છે. શેરડી જેવા વધુ પાણી માગતા લાંબા ગાળાના પાકો ખાતરીપૂર્વક પાણી અને આર્થિક યોગ્યતા ચકાસ્યા બાદ જ લેવા.

ખેડૂતો માટે વાવણી અને પાક આયોજનની મુખ્ય સલાહ

- વાવણી પહેલાં જમીનની ભેજ, pH, ક્ષારતા અને સિંચાઈના પાણીના TDSની તપાસ કરાવવી.
- કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પાણી પ્રમાણે પાકનો વિસ્તાર નક્કી કરવો.
- ચણા, રાયડો-સરસવ અને રાજગરામાં યોગ્ય જાત, સમય તથા જરૂરિયાત મુજબ પિયતનું આયોજન કરવું.
- જીરું, ઈસબગુલ અને બટાટામાં હવામાન આગાહી તથા રોગ-જીવાત વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપવી.
- ટપક, સ્પ્રિંકલર અને ભેજના નિરીક્ષણથી પાણી બચાવવું.
- ભારતીય હવામાન વિભાગ (IMD)ની સ્થાનિક આગાહી અને કૃષિ હવામાન સલાહ મુજબ વાવણી-સિંચાઈ કરવી.

રવિ પાકોના વાવેતરનો સમય અને ભલામણ કરેલી જાતો

રવિ પાકોના વાવેતરનો સૂચિત સમય
રાયડો: 20 ઓક્ટોબરથી 15 નવેમ્બર
જીરું: 15થી 30 નવેમ્બર
ઘઉં: 15 નવેમ્બરથી 15 ડિસેમ્બર
તમાકુ: 15 ઓક્ટોબરથી ધરુ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાય.
બટાટા: 15 નવેમ્બર આસપાસ, સ્થાનિક પરિસ્થિતિ અને તાપમાન મુજબ

સમયગાળા પ્રમાણે આયોજન

15થી 31 ઓક્ટોબર: ચણા, રાઈ, ધાણા, અજમો અને વરિયાળીનું વાવેતર સ્થાનિક ભલામણ મુજબ શરૂ કરવું.
1થી 15 નવેમ્બર: જીરું, ઘઉં અને ઈસબગુલના વાવેતરનું આયોજન કરવું.
16થી 30 નવેમ્બર: બાકી પાકોનું વાવેતર યોગ્ય સમય અને જાત પ્રમાણે પૂર્ણ કરવું.
1થી 15 ડિસેમ્બર: સ્થાનિક ભલામણ - જાત પ્રમાણે મોડા ઘઉંનું વાવેતર કરવું.

ઝોનવાર પાક આયોજનમાં સ્થાનિક સ્થિતિને પ્રાધાન્ય

- **કચ્છ:** રાપરમાં ચણા અને સમગ્ર કચ્છમાં રાયડો-સરસવને પ્રાથમિકતા આપી શકાય. અનુકૂળ જમીન-હવામાનમાં જીરું, ઈસબગુલ તથા ખાતરીપૂર્વક પિયત હોય ત્યાં ઘઉં, રજકો, ધાણા અને વરિયાળી લઈ શકાય.
- **ઉત્તર ગુજરાત:** બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં ભૂગર્ભજળની ઉપલબ્ધતા-ગુણવત્તા મહત્વપૂર્ણ છે. પાટણમાં ચણા અને સુવા તથા સમગ્ર ઉત્તર ગુજરાતમાં રાયડો, રાજગરો, જીરું અને ઈસબગુલ વિકલ્પ છે. પૂરતું પિયત હોય ત્યાં ઘઉં, બટાટા, તમાકુ અને વરિયાળી લઈ શકાય.
- **મધ્ય ગુજરાત:** જમીન અને પિયત પ્રમાણે ઘઉં, તમાકુ, કેળા, શેરડી અને શાકભાજી; મર્યાદિત પાણીમાં સ્થાનિક ભલામણ મુજબ બિનપિયત ઘઉં અને મકાઈ પસંદ કરી શકાય.
- **સૌરાષ્ટ્ર:** સંગ્રહિત ભેજથી ચણા, સુવા અને અજમો; અનુકૂળ સ્થિતિમાં જીરું, ધાણા તથા પિયત હોય ત્યાં ઘઉં અને ડુંગળી લઈ શકાય.
- **દક્ષિણ ગુજરાત:** વરસાદ-પિયત પ્રમાણે શેરડી અને ઘઉં; મધ્યમ પાણીમાં ચણા, મકાઈ તથા સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે શાકભાજીનું આયોજન કરી શકાય.

સાંકળીધાર પાસે કાર, બાઈક વચ્ચે અકસ્માત, વૃદ્ધાને ઇજા પહોંચી

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

ચોકી સોરઠ રહેતા નિવૃત્ત રેલ્વે કર્મચારી છોટાલાલ નાનજીભાઈ લડખડીયા (ઉ.વ. 65) પોતાની જીજે 11 સીએન 7538નંબરની બાઈક પર તેમની પત્ની લીલાવતીબેનને પાછળ બેસાડીને જેતપુરથી ચોકી ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સાંકળીધારથી પૂરઝડપે આવી રહેલી સફેદ રંગની જીજે 03 જેઆર 1503 નંબરની કારના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં લીલાવતીબેન બાઈક પરથી નીચે પડી જતાં તેમના માથામાં તથા જમણા પગના ગોળામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. કારચાલક અકસ્માત સર્જીને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. મહિલાને તાત્કાલિક જૂનાગઢની સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પ્રજાનો અવાજ

જવાહર રોડ પર સફાઈ કામદારોએ કચરા ભરેલા કેરેટ છોડી દેતાં ગોવંશનો અડ્ડો બન્યો



જૂનાગઢ ભાસ્કર | શહેરના જવાહર રોડ પર પોલીસ સ્ટેશન સામેની શેરીમાં સફાઈ કામદારો દ્વારા સાંજના સમયે કચરાના ભરેલા કેરેટ બિનવારસી મૂકી દેવાય છે. આ કચરામાંથી રખડતાં ગૌવંશ એંઠવાડ ખાવા મોં મારતાં આખો કચરો માર્ગ પર વેરવિખેર કરી દે છે. પરિણામે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાતાં આજુબાજુના રહીશોઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. **- મનસુખભાઈ ચૌહાણ, સ્થાનિક**

QR કોડ સ્કેન કરો, ફોટો સાથે માહિતી મોકલો
અમનેમો.નં. 9099555787 પર પણ મોકલી શકો.

ટીંબાવાડીમાં સગાઈ તોડવા મુદ્દે 2 પરિવાર વચ્ચે બોલાચાલી, મારામારી

સમાધાન માટે ભેગા થયા ને બાખડી પડ્યા, સામસામી રાવ

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

શહેરના વિસ્તારમાં રહેતા મનહરભાઈ બાબુભાઈ વાઘેલાના મોટા દીકરા હેમાંગની સગાઈ ટીંબાવાડીના પ્રતાપ ભાઈ વલ્લભભાઈ ચુડાસમાની દીકરી રીટા સાથે થયેલી હતી. પરંતુ બાદમાં સગાઈ તોડી નાખી રીટાના અન્ય જગ્યાએ સંબંધ કરવાની વાતચીત ચાલતી હોવાથી, આપેલી સોનાના દાગીના અને અન્ય ચીજવસ્તુઓ પરત મેળવવા તથા સમાધાન કરવા માટે મનહરભાઈ પત્ની સુનીતા અને સાળો મયુર સાથે પ્રતાપભાઈના ઘરે ગયા હતા.

\\ઽસમાધાનની વાતચીત દરમિયાન પ્રતાપભાઈ, જ્યોતીબેન પ્રતાપભાઈ અને દેવાભાઈએ સગાઈ તોડવાની વાત કરી દાગીના પરત આપવાની ના પાડી દેતા મામલો બિચક્યો હતો.

ઉશ્કેરાઈને પ્રતાપભાઈની પત્ની જ્યોતિબેને ગાળો આપી ધોકાથી માર મારવાનું શરૂ કર્યું હતું. દરમિયાન પ્રતાપભાઈએ મનહરભાઈને માથાના ભાગે લોખંડના પાઈપથી ગંભીર ઈજા પહોંચાડી હતી અને તેમના સસરા દેવાભાઈએ પણ શરીર પર ધોકાનો માર મારી લોહીલુહાણ કરી દીધા હતા.

એટલું જ નહીં, શખ્સોએ ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત મનહરભાઈને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. સામા પક્ષે મનોજ બાબુભાઈ વાઘેલા, તેની પત્ની અને સાળાએ સમાધાનની વાતચીત દરમ્યાન ઉશ્કેરાઈ જઈને પ્રતાપભાઇના પત્ની જ્યોતિબેન, દીકરી રીટા ઢીકાપાટુનો માર મારી અને છોડાવવા વચ્ચે પડેલા પ્રતાપભાઇને પથ્થર, કડુ મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે સી ડિવિઝન પોલીસે પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

શહેરમાં ઉત્તરપ્રદેશની પરિણીતાએ ગળાફાંસો ખાધો, કારણ અકબંધ

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

શહેરમાં ઉત્તરપ્રદેશની એક પરિણીતાએ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતા પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ માંગનાથ વિસ્તારમાં આવેલ આંબા ફળીયા, ગોવર્ધન એપાર્ટમેન્ટ બ્લોક નં. 304માં ભાડેથી રહેતા 21 વર્ષીય પરિણીતા પીન્કીબેન બાબુરામ લલુરામ યાદવએ રવિવારે સવારના સમયે ગળાફાંસો ખાઈને મોતને મીઠું કરી લીધું હતું. ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી પરિણીતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી કરી હતી. મૃતકના લગ્ન ત્રણ વર્ષ પહેલા જે થયા હતા. પોલીસે પરિણીતાના પતિ બાબુરામ લલુરામ યાદવનું નિવેદન લઈ ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ કારણ મેળવવા વધુ તપાસ હાથ ધરી હતી.

કાર ચાલકે એક્ટિવાને ટક્કર મારતા જોષીપરાનાં દંપતીને ઈજા

કાર ચાલક અકસ્માત સર્જીને ફરાર

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

જોષીપરામાં સરદાર પરા શેરી નં.10 સુર્યમંદીર પાસે રહેતા 41 વર્ષીય જાગૃતિબેન ઉર્ફે જલ્પાબેન પ્રવીણભાઈ કંડોલીયા અને તેમના પતિ પ્રવીણભાઈ ચીમનભાઈ કંડોલીયા ગત તા. 19 ઓક્ટોબરના રોજ આઠમાં નોરતાના દિવસે અમરનગર ગામે કુળદેવી ચામુંડા માતાજીના નિવેદ કરવા માટે ગયા હતા.

ત્યાંથી પરત જૂનાગઢ આવતી વખતે સાંજના સમયે જ્યારે તેઓ વડાલ ગામ નજીક શિવ શક્તિ હોટલથી થોડે આગળ પહોંચ્યા, ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી જીજે 03 એમએચ 6198 નંબરની સફેદ રંગની કારના ચાલકે તેમના એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક્ટિવા રોડની સાઈડમાં ઉતરી ગયું હતું અને

દંપતી રોડ પર પડી જતા પ્રવીણભાઈ અને તેના પત્નીને પણ ડાબા હાથમાં ઈજા થઈ હતી. અકસ્માત સર્જીને કાર ચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો. ઘાયલ દંપતીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા જૂનાગઢ સિવિલ હોસ્પીટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા.

નામ બદલાવેલ છે.
આથી હું જાહેર કરૂ છુ કે મારૂ જુનું નામ બાનવા અકીલ આરિફભાઈ અને (મારા સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ SSC, HSC, B.Com માર્કશીટમાં મારૂ નામ બાનવા અકીલ આરિફ) માંથી બદલીને મારૂ નવુ નામ બાનવા અકીલ આરિફશા રાખેલ છે. તેની નોંધ લેવા વિનંતી.
સરનામું: વેરાવળ-362265 જી.ગીર સોમનાથ

નામ બદલાવેલ છે
મારૂ જુનું નામ વૃજલાલ ગોપાલભાઈ કનેરીયા માંથી બદલી નવું નામ વૃજલાલ ગોપાલ કનેરિયા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
કરેણી પ્લોટ, મેસવાણ, મેસવાણ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨૨૨૭

બાંગ્લાદેશી મહિલાને ડિપોર્ટ કરવાની કાર્યવાહી શરૂ

ભાસ્કર ફોલોઅપ મધુરમમાંથી ઝડપાયા બાદ સખી વન સ્ટોપ સેન્ટરમાંથી ભાગી ગઈ'તી

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

શહેરના મધુરમ વિસ્તારમાંથી ઝડપાયેલી બાંગ્લાદેશી મહિલાને પોલીસે ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. સી ડિવિઝન પોલીસે ચંદન પાર્ક, લીમડાના ઝાડ પાસે, દેશીચુલા હોટલવાળી શેરી, મધુરમમાં ગેરકાયદે વસવાટ કરવા સબબ 28 વર્ષીય બાંગ્લાદેશી મહિલા મિથિલા રાજુ રોય ડો/ઓ મલેક વિધાન રાય પાટીલને ઝડપી પાડી હતી.

બાદમાં વધુ પૂછપરછ તપાસ માટે મહિલાને શહેરમાં હાથીખાના ચોક, બહેરા મૂંગા સ્કૂલના ગ્રાઉન્ડમાં આવેલ સખી વન સ્ટોપ સેન્ટરમાં તા. 10 ઓક્ટોબરથી રાખવામાં આવી હતી. પરંતુ 19 ઓક્ટોબરના રોજ બપોરના સમયે બાંગ્લાદેશી મહિલા સખી વન સ્ટોપ સેન્ટરમાંથી ભાગી ગઈ હતી. તપાસના અંતે એ ડિવિઝન પોલીસે ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના સ્પામાંથી ઝડપી લઈ સોમવારે મિથિલા રાજુ રોયને સી ડિવિઝન પોલીસને સોંપી દીધી હતી.

અગાઉ જુલાઈમાં મોરબીથી ડિપોર્ટ થયેલી આ મહિલાને જૂનાગઢ ખાતેથી ડિપોર્ટ કરવાની કાર્યવાહી સી ડિવિઝન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

મહિલા પોલીસ જાપ્તા હેઠળ

સખી વન સ્ટોપ સેન્ટરમાંથી નીકળી ગયા બાદ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતેથી પકડાયેલી બાંગ્લાદેશી મહિલા મિથિલા રાજુ રોયને અત્યારે સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મહિલા પોલીસના સખ્ત જાપ્તા હેઠળ રાખવામાં આવી છે. અત્યારે મહિલાને ડિપોર્ટ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. » પી. પી. ઝા, પીઆઈ, સી ડિવિઝન

નામ બદલાવેલ છે
મારૂ જુનું નામ શાંતાબેન વૃજલાલ કનેરીયા માંથી બદલી નવું નામ શાંતા વૃજલાલ કનેરિયા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
કરેણી પ્લોટ, મેસવાણ, મેસવાણ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨૨૨૭

ક્રિકેટના નો બોલ મુદ્દે બોલાચાલી, યુવક પર છરીથી હુમલો

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

શહેરમાં નીચલા દાતાર પાસે રહેતા 20 વર્ષીય સબીર અનવરભાઈ કુરેશી અને પાડોશી ઉસ્માન મુલતાની ક્રિકેટ મેચ રમતા હતા તે વખતે નો બોલ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદમાં બંનેની માતાઓ વચ્ચે પણ ઝઘડો થયો હતો.

આ બંને બાબતનું મનદુઃખ રાખી ઢાલ રોડ પાસે ઉસ્માન અને ઈમ્તિયાઝ અબ્દુલભાઈ સમાએ સબીરને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ઉસ્માન મુલતાનીએ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડતા સબીરને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસે યુવકની ફરિયાદ આધારે કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

યાર્ડ પાસે નકલી ઘી બનાવનારને ગોડાઉન ભાડે આપનાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

શહેરમાં યાર્ડ પાસે નકલી ઘી બનાવનારને ગોડાઉન ભાડે આપનાર શખ્સ વિરુદ્ધ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા ઈન્દ્રેશ્વર કોમર્શિયલ સેન્ટરમાં ગોડાઉન નંબર 5, 15 અને 16માં રવિવારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ દરોડો પાડી ભેળસેળયુક્ત ઘીના કારોબારનો પર્દાફાશ કર્યો હતો. સ્થળ પરથી પોલીસે કમલેશ જેન્તીભાઈ સોઢાને ભેળસેળયુક્ત ઘી બનાવવા માટેના સાધનો, પ્રવાહી, નકલી ઘીનો જથ્થો મળી કુલ રૂપિયા 1.11 લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. પરંતુ શખ્સે આ ગોડાઉનના કોઈ આધાર પુરાવા રજૂ કર્યા ન હતા. તેમજ ગોડાઉનના સંચાલક પંકજભાઈ નટવરલાલ કાનાબાર (રહે. જલારામ સોસાયટી) દ્વારા આ જગ્યા સંબંધિત પોલીસ સ્ટેશનમાં અગાઉથી જાણ કર્યા વગર ભાડે આપી હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહીં, આ અંગેનું કોઈ ભાડા કરાર પણ કરવામાં આવ્યું ન હતું. જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના જાહેરનામા ક્રમાંક મુજબ દુકાન કે ગોડાઉન ભાડે આપતી વખતે તેની માહિતી નિયમોનુસાર પોલીસ સ્ટેશનમાં આપવી ફરજિયાત છે. આ જાહેરનામાની શરતોનો ભંગ થયો હોવાનું બહાર આવતા એસઓજીએ મંગળવારે ગોડાઉન સંચાલક પંકજ કાનાબાર વિરુદ્ધ ગુનો દાખલ કરાવતા એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

મેંદરડાના નતાળીયાની સીમમાં રેડ, 3.27 લાખના દારૂ અને બિયર સાથે જૂનાગઢના 2 શખ્સ પકડાયા

ક્રાઇમ રિપોર્ટર | જૂનાગઢ

મેંદરડાના નતાળીયા ગામની સીમમાં આવેલ ખેતરમાં જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે રેડ કરી 2 શખ્સને રૂપિયા 3.27 લાખના દારૂ, બિયર સાથે પકડી લઈ 3 કાર સહિત 19.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, મેંદરડા તાલુકાના નતાળીયા ગામની સીમમાં આવેલી રામેશ્વર ગામ રાણીગભાઈ ચાંદ્રની વાડીમાં દિલીપ રાવતભાઈ માંજરીયા ,(રહે. જોષીપરા), યશ મેરૂભાઈ કટારા (રહે. ખામધ્રોળ), જાબર દેશુરભાઈ ચાંદ્રડ (રહે. રામેશ્વર)એ ભાગીદારીમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવીને છુપાવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે નદી કાંઠે આવેલા ખેતરમાં વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ત્રણ કાર, એક બાઈક અને અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂ તથા બિયરની બોટલો અને ટીન મળી કુલ રૂપિયા 19,57,728ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી નાગેશ ભગવાન રામા કરમટા અને કરણ પાંચા સાંગા રાડા નામના બે શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે પોલીસને જોઈ નાસી છૂટેલા દિલીપ રાવત માંજરીયા, યશ મેરૂ કટારા, જાબર દેશુર ચાંદ્રડ અને પ્રકાશ ઉર્ફે પકો ગોવિંદ ગરચર (રહે. વાડલા ગામ તા.માંગરોળ)ની શોધખોળ હાથ ધરી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી હતી.

જાહેર નોટીસ
વેરાવળના મહે.એડી.સીનીયર સીવીલ જજ સાહેબશ્રી એ. વી. ચૌધરી સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ
દિ. પ. અ. નં. ૦૩/૨૦૨૬
ગુજ. બીબીબેન ડો./ઓ ખામીશા બ્લોચના વારસ હુશેનભાઈ ખમીશા બ્લોચ, રે. બાગે રહેમત કોલોની, ગોદરશા તળાવની પાછળ, રહે. વેરાવળ, જી. ગીર સોમનાથ.
મો. ૯૯૭૮૬ ૯૧૭૩૯..............................અરજદારો
વિરુધ્ધ..................કોઇ નહી..............................સામાવાળા
અરજદારના વકીલશ્રી આર. એ. સીરાજી
બાબત : બોમ્બે રેગ્યુલેશન એક્ટ-૧૮૨૭, ચેપ્ટર-૧ મોહમેડન લોની કલમ-૧૪૮ તથા ૧૪૯ વિગેરે હેઠળ ગુજ. બીબીબેન ડો./ઓ. ખમીશા બ્લોચની સ્થાવર મિલ્કતનુ હેયરશીપ સર્ટીફીકેટ મેળવવા અંગે
આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે સદરહું કામના અરજદારો ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના શહેર વેરાવળની સીમમા મ્યુનસીપાલીટીની હદમા આવેલ રે.સ.નં.૪૮૩, એકર : ૧-૦૮ ગુઠાવાળી ખેતીની જમીનોમા રહેણાંક હેતુ માટે બિનખેતીમા રૂપાંતર થયેલ વાળી જમીનોમા પાડવામા આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ પૈકી પશ્ચિમ તરફના પ્લોટની જમીન ચો.મી. ૬૨-૫૦ ક્ષેત્રફળવાળી સ્થાવર મિલ્કત-મકાન બાબતે શેડ્યુલ-અ થી રજુ કરેલ મિલ્કત-મકાનના ગુજ. બીબીબેન ખમીશા બ્લોચનો ૫૦ ટકા હિશાબે ચો.મી. ૩૧-૨૫ના ક્ષેત્રફળ જેટલી મિલ્કતમા હક્ક, હિસ્સો હોય તેટલા હક્ક, હિસ્સા પુરતી મિલ્કત-મકાન હસ્તાંતર કે વિનીયોગ કરવા આ કામના અરજદારે બોમ્બે રેગ્યુલેશન એક્ટ-૧૮૨૭, ચેપ્ટર-૧ તથા મોહમેડન લોન કલમ-૧૪૮ તથા ૧૪૯ હેઠળ સ્થાવર મિલ્કતનું હેયરશીપ સર્ટીફીકેટ મેળવવા અંગેની અરજી અત્રેની કોર્ટમાં કરેલ છે. જે શખ્સોને સદરહું અરજી સામે વાંધા તકરાર હોય તેઓ જાતે અગર તેમના વકીલ કુલમુખત્યાર મારફત મુદત તા.૨૭.૧૧.૨૦૨૬ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ આગળની કાયદા નિર્દિષ્ટ કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૨૩મી, માહે ઓક્ટોમ્બર, સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યુ.
હુકમથી (એમ. એમ. દસાડીયા) રજીસ્ટ્રાર પ્રિન્સી. સીની. સીવીલ કોર્ટ વેરાવળ
તૈયાર કરનાર (એ. આર. વાઘેલા) આસીસ્ટન્ટ | તપાસનાર (એસ. બી. વાડલિયા) સીની. કલાર્ક | કોર્ટનો સિક્કો

નામ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મું.માણાવદર, શાકમાર્કેટ પાસે,તા.માણાવદર,જી. જુનાગઢ
વિજયભાઇ નાથાભાઈ હાથલીયા ઉ.વ. ૪૬ રહે. મુ.આંબલીયા,તા.માણાવદર,જી.જુનાગઢ ફો.પ.અ.નં. ૯૧/૨૦૨૬ ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આંબલીયા, તા.માણાવદર,જી.જુનાગઢ ....સામાવાળા
અરજદાર તરફે વિ.વ.શ્રી - એન.બી.રાવલ
જાહેર નોટીસ
આથીઆ જાહેર નોટીસથી સંબંધિત સૌને જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યા અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ આ કામના અરજદારના નાના ભાઈ દિલીપકુમારનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૪ ના રોજ તેમના નિવાસ સ્થાને, માણાવદર તાલુકાના આંબલીયા મુકામે થયેલ છે તે મતલબની ઉપર લખ્યા સામાવાળા તેના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધણી કરીઆપી જન્મ/મરણનું પ્રમાણપત્ર કાઢીઆપે તેવો હુકમ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.
વાસ્તે લાગતા વળગતા સૌને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારની ઉપરોક્ત હકીકતવાળી અરજી સંદર્ભે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ :- ૨૭/૧૧/૨૦૨૬ ના કલાક ૧૧:૦૦ વાગ્યા સુધીમાં માણાવદરના નામદાર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ ની કોર્ટમાં જાતે અથવા વિ.વ.શ્રી કે મુખત્યાર મારફત હાજર રહેવું ગેરહાજર રહ્યે કોઈને વાંધોતકરાર નથી તેમ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની સૌએ નોંધ લેવી.
આજતારીખ:૧૫ મી માહે- ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજમારી સહીકરી કોર્ટનું સીલ કરી આપ્યું.
તપાસનાર (બી.જે.ચોપડા) આસીસ્ટન્ટ | તપાસનાર (એ.એમ.મેંદપરા) બેંચ કલાર્ક ગ્રેડ-૨ | કોર્ટનો સિક્કો | હુકમથી રજીસ્ટ્રાર મુખ્ય સીવીલ કોર્ટ, માણાવદર

HDFC BANK
હેડ ઓફિસ: એચડીએફસી બેંક લિ., એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૧૩
રિજનલ ઓફિસ: એચડીએફસી બેંક લી. : ડિપાર્ટમેન્ટ ફોર સ્પેશ્યલ ઓપરેશન્સ, ૪થો માળ, આકાંક્ષા બિલ્ડિંગ, જય - કય હિરો સામે, ૧૦ - વિજય પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨
ઈ-હરાજી દ્વારા વેચાણ નોટીસ
સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના
સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ સાથે વંચાણે લેતા બેંકને મોર્ગેજ સ્થાવર મિલકતો માટે ઈ-હરાજીથી વેચાણની નોટિસ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ / ભાગીદારો / ગિરવેદારો / જામીનદારોને સૂચના આપવામાં આવે છે કે, એચડીએફસી બેંક લિ. ના અધિકૃત અધિકારી(ઓ), નીચેના લોન ખાતાઓમાં સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી નોટિસ(ઓ)ની માંગણીના અનુસંધાનમાં, ઉલ્લેખિત નીચેની મિલકત/ઓનો પ્રત્યક્ષ કબ્જો લીધો હતો. બેંકના લેણાં વત્તા વ્યાજની વસૂલાત માટે "જેમ છે ત્યાં જેવું છે, જેવું છે, જે છે અને આશ્રય વિના" પર તેને વેચવાની અધિકાર અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકીની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલી સત્તા, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલી મિલકત/ઓનાં વેચાણ દ્વારા બેંકના લેણાંની વસૂલાત કરવાની દરખાસ્ત કરે છે. નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ વેબ પોર્ટલ દ્વારા ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે: https://https://www.bankeauctions.com. નિયમો અને શરતો લાગુ.

શાખા અને ખાતાનું નામ	મિલકતની વિગત	અનામત કિંમત ઈએમડી બીડ વધારવાની રકમ	ઈ-હરાજીની તારીખ/સમય	અધિકૃત અધિકારીનું નામ / ફોન નં. / ઈમેલ આઈડી
એચડીએફસી બેંક લી., શાખા: વેરાવળ, ખાતાનું નામ: મેસર્સ સુગમ, ખાતા નં. 50200006384991, 85457417, 85457418 & 8182963	મિલકત ૧: શ્રીમતી પારુલબેન પ્રભુદાસભાઈ ચોમલની માલિકીની જમીન સ્કે.મી. ૧૩૨.૮૫ પ્લોટ નં. ૧૦/બી પૈકી (દક્ષિણ બાજુ) અને બિનખેતીલાયક જમીન પર થયેલ બાંધકામ સ.નં. ૨૦૦/૧, ટી.પી. સ્કીમ નં. ૨, છેલ્લો ખંડ નં. ૧૫ દોલત પ્રેસ અને કલ્યાણ હાઉસીંગ સોસાયટીની ઉત્તર બાજુએ, કૃષ્ણા કોટન પ્રેસની પશ્ચિમ બાજુએ સિટી વેરાવળ ખાતે આવેલ સમગ્ર મિલકત. **જમીન એરિયા: સ્કે.મીટર્સ - ૧૩૨.૮૫ જેની ચતુર્સીમા:** ઉત્તરે: પ્લોટ નં. ૧૦-બી પૈકી (જલારામ કુટીર)ની ભેની જમીન, દક્ષિણે: લાગુ પ્લોટ નં. ૯-બી (ખુલ્લો પ્લોટ), પૂર્વે: ૨૫ ફૂટ પહોળો રોડ, પશ્ચિમે: પ્લોટ નં. ૧૦-૨ પૈકીની જમીન (હરસુખભાઈનું ઘર).	મિલકત ૧ માટે: રૂ.૬૮,૫૦,૦૦૦/- રૂ. ૬,૮૫,૦૦૦/- રૂ. ૧,૦૦,૦૦૦/-	૧૧.૧૧.૨૦૨૬, બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦; બીડસ આવકારવાની છેલ્લી તારીખ ૧૦.૧૧.૨૦૨૬ સાંજે ૫.૦૦ સુધી	નિતિનગિરિ ગોસ્વામી / ૯૬૨૪૮૦૫૫૫૫ Nitingiri.goswami@hdfc.bank.in
મિલકતના ગિરવેદાર અને જામીનદારોના નામ: ૧. મેસર્સ સુગમ (ઉધારકર્તા) (પ્રોપ્રાઈટર, ગિરવેદારો અને જામીનદારો), ૧. શ્રી વિનોદભાઈ રતનશી ચોમલ (પ્રોપ્રાઈટર અને જામીનદાર), ૨. શ્રીમતી નીતાબેન વિનોદભાઈ ચોમલ (જામીનદાર), ૩. શ્રીમતી પારુલબેન પ્રભુદાસ ચોમલ (જામીનદાર અને ગિરવેદાર), ૪. શ્રી પ્રભુદાસ રતનશી ચોમલ (જામીનદાર અને ગિરવેદાર)	મિલકત ૨: શ્રી પ્રભુદાસ રતનશી ચોમલની માલિકીની પ્લોટ નં. ૬૩ની રહેણાંક જમીન, સ્કે.મી. ૧૦૪.૦૫ બિનખેતીલાયક જમીન પરનું બાંધકામ, રે.સ.નં. ૩૬૪ અને ૩૬૫ની જમીન વેરાવળ સિટી ખાતે આવેલ સમગ્ર મિલકત. **જમીન એરિયા: સ્કે.મીટર્સ - ૧૦૪.૦૫ જેની ચતુર્સીમા:** ઉત્તરે: ઉત્તરે: પ્લોટ નં. ૫૮, દક્ષિણે: પ્લોટ નં. ૬૭, પૂર્વે: પ્લોટ નં. ૬૪, પશ્ચિમે- ૯-૧૦ મી. પહોળો રોડ.	મિલકત ૨ માટે: રૂ.૨૫,૦૦,૦૦૦/- રૂ. ૨,૫૦,૦૦૦/- રૂ. ૫૦,૦૦૦/-	નિરીક્ષણની તારીખ અને સમય ૦૨.૧૧.૨૦૨૬, બપોરે ૦૧.૦૦થી ૦૨.૦૦ સુધી	

માંગણા નોટીસ તારીખ:	માંગણા નોટીસ પ્રમાણે રકમ
૧૫.૦૬.૨૦૨૪	રૂ. ૧,૨૧,૩૧,૦૬૮.૦૦/- ૩૧.૦૫.૨૦૨૪ના રોજ બાકી વધુ વ્યાજ સાથે વ્યાજ સહિત ૧૮% વાર્ષિક સાથે ૧ જૂન ૨૦૨૪ થી મેળવેલ ક્રેડીટ રકમ હેઠળ સંપૂર્ણ અને આજ ચુકવણીની તારીખ સુધી માસિક સાથે

નિયમો અને શરતો :- ૧. ઈ-હરાજી "જેમ છે ત્યાં, જે છે તે, જે છે તે છે, અને આશ્રય વિનાના ધોરણે" યોજાશે. ૨. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુકોએ તેમની ઈએમડીની વિગત તથા દસ્તાવેજો વેબ પોર્ટલ https://www.bankeauctions.com (યુઝર આઈડી અને પાસવર્ડ વિના મૂલ્યે https://www.bankeauctions.com પર રજીસ્ટર્ડ કરવાથી મળી શકશે) થકી લોગીન આઈડી અને પાસવર્ડ દ્વારા મોકલવાના રહેશે. ઈએમડીની ચુકવણી NEFT / RTGS દ્વારા નીચે દર્શાવેલ એકાઉન્ટમાં કરવાની રહેશે. ખાતા નં. ૫૭૫૦૦૦૦૦૦૪૨૬૧, ખાતાનું નામ: DFSO Transitory account, ખાતા ધારકનું નામ: HDFC BANK LTD., IFSC Code: HDFC0000240. ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટથી ઈએમડીની રકમ સ્વીકારવામાં આવશે નહીં તેની નોંધ લેવી. ૩. અધિકૃત અધિકારીની જાણ મુજબ તથા માહિતી અનુસાર કોઈપણ જાતના બોજા જેમ કે કાયદાકીય બાકી જેમ કે મિલકત વેરો સોસાયટીની બાકી વિ. બેંકના રેકર્ડ મુજબ મિલકત ઉપર નથી. જો કે તેની વેચાણ પ્રક્રિયા સામે ઉધારકર્તા અથવા ગિરવેદાર દ્વારા કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ મેળવવામાં આવ્યો નથી. બેંક કોઈપણ ચાલુ / પાછળના / ભવિષ્યની બાકી જેમ કે બિન કાયદાકીય બાકી / કાયદાકીય બાકી / બોજો / ટેક્સની બાકી / દાવાઓ, જે કોઈ હોય કતેને માટે જવાબદાર રહેશે નહીં. ઈચ્છુક બોલીકારે પોતાની જાતે વ્યક્તિગત રીતે બોજા / મિલકતના ટાઈટલ અંગે ચકાસણી કરવાની અને પોતાની રીતે સંતોષ થાય તેમ કરવાનું રહેશે. **મિલકતનું નિરીક્ષણ ઉપર દર્શાવેલ તારીખ અને સમય અનુસાર જ કરવાનું રહેશે.** ૪. ઈચ્છુક બીડર જેમણે ઈએમડી જમા કરાવેલ છે. તેમને લોગીન આઈડી અને પાસવર્ડ, ડેટા અપલોડ કરવા, બિડ ભરવા, ઈ-બિડીંગ માટે પરિક્ષણની જરૂર હોય તો તેઓ સેવા પ્રદાન કરનાર **M/s. C1 India Pvt. Ltd.**, ૩જો માળ, પ્લોટ નં. ૬૮, સેક્ટર ૪૪, ગુડગાંવ, હરિયાણા - ૧૨૨૦૦૩નો સંપર્ક કરવો. **સપોર્ટ મોબાઈલ નં.:** ૭૨૯૧૯૮૧૧૨૪ / ૧૧૨૫ / ૧૧૨૬, **શ્રી ભાવિક પંડ્યા મોબાઈલ:** ૦૮૮૬૬૬૮૨૦૩૨, **ઈ-મેલ આઈડી :** support@bankeauctions.com/gujarat@c1india.com. હેલ્પલાઈન ઈમેલ આઈડી: support@bankeauctions.com અને મિલકત અંગેની જાણકારી માટે **બેંકના અધિકૃત અધિકારી** શ્રી નિતિનગિરિ ગોસ્વામી (મો. ૯૬૨૪૮૦૫૫૫૫), ઈ-મેલ: **nitingiri.goswami@hdfc.bank.in** નો ઓફિસ સમય દરમ્યાન (**સવારે ૦૯.૩૦ થી સાંજે ૦૫.૩૦**) ઉપરોક્ત સરનામે સંપર્ક કરી શકે છે. ૫. સૌથી ઊંચી બોલીકાર **એચડીએફસી બેંક લિમિટેડ** પ્રમાણિત કરે તેને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ બીડ / બધી જ બીડ જે કંઈ મળેલ હશે તે સ્વીકારવી / નામંજૂર કરવાનો અથવા હરાજી / વેચાણ કોઈપણ જાતના કારણ વગર રદ કરવાનો હક્ક છે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. ૬. (વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને અમારી વેબસાઈટ www.hdfcbank.com અને www.bankeauctions.com ની મુલાકાત લો.

સરફેસી કાયદા ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ૧૫ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ
આ નોટીસ સુ/આર રૂલ ૮(૬) નિયમ ૯(૧) સાથે વંચાણ હેઠળ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ વાંચવી અને તે દેવાદારો / જામીનદારોને ઉપર જણાવેલ લોન અંતર્ગત યોજવામાં આવેલ ઈ-હરાજી ઉપર જણાવેલ તારીખે રાખેલ છે તેની નોંધ લેવી. દેવાદારો / જામીનદારો / મોર્ટગેજરોને આ સાથે સૂચિત કરવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ વત્તા આજ દિન સુધીનું વ્યાજ અને ખર્ચા આ નોટીસના / હરાજીની તારીખના ૧૫ દિવસ પહેલા ભરી જવા, જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો મિલકતનો હરાજી કરવામાં / વેચાણ કરવામાં આવશે અને બાકી રહેતી લેણી રકમ જો કંઈ હોય તે વ્યાજ અને ખર્ચા સહિત વસૂલ કરવામાં આવશે.
તારીખ : ૨૮.૧૦.૨૦૨૬, સ્થળ : રાજકોટ | સહી/- અધિકૃત અધિકારી, એચડીએફસી બેંક લી.